ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

# તુલશીશ્યામ ફલેટના રહેવાસીઓએ પતંગ દોરી ઉતારી સળગાવી દીધી



ગાંધીનગર, તા.૧૬

તુલશીશ્યામ ફલેટના રહેવાસીઓએ ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગ દોરીઓ ધાબા પર અને અન્ય સ્થળ પર જોવા મળી રહી હતી તે બધી જ પતંગ દોરીઓ ઉતારી લીધી હતી. પ્રાણીઓ અને પક્ષીઓને બચાવવા માટે પતંગ દોરી ભેગી કરીને આગ ચાંપી હતી. આ વખતે પણ ચાઈનીઝ દોરીનો બેફામ ઉપયોગ થયો હોવાનું રહીશો જણાવી રહ્યા હતા. આ કાર્યમાં નાના બાળકોને પણ સાથે રાખ્યા હતા. તેઓને અત્યારથી જીવદયા પ્રેમી બને તેની સમજણ આપવામાં આવી હતી. દરેક જીવને જીવન જીવવાનો અધિકાર છે તેથી તુલશીશ્યામ ફલેટના રહેવાસીઓએ પક્ષી અને પ્રાણીઓને બચાવવા દોરી ભેગી કરીને સળગાવી દીધી હતી.

# નવા સેકટરોમાં મચ્છરોનો વધતો ઉપદ્રવ

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં કોરોનાના કેસમાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. આ વાયરસ તો અદૃશ્ય છે પરંતુ દૃશ્યમાન મચ્છરોએ શહેરના નવા સેકટરોમાં માજા મુકી છે. છેલ્લા પાંચેક દિવથી નવા સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે જેને કારણે રહેવાસીઓ પરેશાન છે.

ગાંધીનગરમાં ઠંડીએ માજા મુકી છે. શહેરીજનો કામ વગર ઘરની બહાર જવાનું પણ ટાળી રહ્યા છે. ઘરના બારી-બારણાં બંધ કરીને રહેવાની જાણે કે આદત પડી ગઈ છે કારણ કે છેલ્લા પંદરેક દિવસથી ઘરમાંય ઠૂંઠવી નાંખે તેવી ઠંડી પડી રહી છે. વાતાવરણમાં તડકો ઓછો છે અને ભેજ વધુ છે ત્યારે શહેરના નવા સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. સરગાસણ, કુડાસણના રહીશો, સે-૩, ૪, અને ૫ના રહેવાસીઓ ખાસ કરીને આ બાબતે હેરાન પરેશાન છે. સવારે બારી બારણાં ખોલતા જ જાણે મધમાંથી માખીઓ બણબણીને છુટી પડે તેમ ઘરના દરેક ખૂણેથી અઢળક મચ્છરો નીકળે છે. ગમે તેટલી સાફસફાઈ કરવા છતાંય પરિણામે મચ્છર ઓછા થઈ રહ્યા નથી. આવા મચ્છરોના કારણે નાના બાળકથી લઈ મોટા તમામને તાવ આવી રહ્યા છે. સાથે ડેન્ગ્યુ થવાનો ભય વ્યાપી રહ્યો છે. અગરબત્તી કે લીમડાના ધૂમાડાય કામ નથી કરી રહ્યા ત્યારે નવા સેટરવાસીઓ દ્વારા તંત્ર દ્વરા મચ્છર ભગાડવાની દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે અને ત્વરિત પગલે દવા છંટાય તો નાના બાળકોને આ મચ્છર દ્વારા ફેલાતા રોગથી બચાવી શકાશે તેમ રહેવાસીઓનું કહેવું છે.

# જન્મદિને વધામણી



નિસર્ગ દર્પણ બુચ
મો. ૭૮૭૪૪ ૦૭૩૫૬



મિતાલી ત્રિવેદી
મો. ૬૩૫૨૫ ૭૧૯૪૩



કાનન પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



આદિત્ય ગુપ્તા
મો. ૯૯૭૪૫ ૪૮૭૪૧

# સોનીપુર સહિત ચાર ગામમાંથી ૧૩ પક્ષી રેસ્કયુ કરતો યુવાન



ગાંધીનગર, તા.૧૬

ઉત્તરાયણના તહેવારમાં માત્ર ગાંધીનગર જ નહી પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓના કિસ્સા બની રહ્યાં છે.

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના એક યુવા સેવાભાવી કાર્યકર નરેશજી ઠાકોરે ચાર ગામોમાં બર્ડ રેસ્ક્યુનો સેવા આપી ૧૩ પક્ષીઓનું રેસ્ક્યુ કર્યું હતું

સેવાભાવી યુવાન નરેશજી શનાજી ઠાકોર દ્વારા પોતાના રહેણાંક વિસ્તાર સહિત આજુબાજુના ૪ જેટલા ગામડાઓ જેવા કે સોનીપુર, સરઢવ, રૂપાલ અને કોલવડામાં પોતાની 'પક્ષી બચાવો અભિયાન હેલ્પલાઈન' સેવા શરૂ કરીને તેમજ ઉત્તરાયણ બાદ જ્યાં ત્યાં પડેલી દોરીના ગુંચડાઓને એકઠા કરીને તેનો નાશ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તેમણે ઉત્તરાયણના બે દિવસ દરમ્યાન ૧૩ જેટલાં ઘાયલ થયેલા અબોલ પક્ષીઓનું રેસ્કયુ કરીને તમને સારવાર અર્થે બાજુના રૂપાલ ગામમાં આવેલી જનની ગૌ શાળા ખાતે ખસેડીને તેમનો જીવ બચાવ્યો હતો. આ સાથે તેમણે ઠેર ઠેર પડેલા દોરીના ઢગલાબંધ ગૂંચળાઓનો પણ નાશ કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણનો તહેવાર નરેશજી ઠાકોરનો પ્રિય તહેવાર હતો જેને તેઓ હવે પતંગ ચગાવવાને બદલે પક્ષી બચાવવાની સેવા આપીને ઉજવે છે.

# ગાધીનગરમાં કોરોના ટેસ્ટિંગ કેન્દ્રો વધારવા વસાહત મહાસંઘની માંગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરમાં કોરોના ટેસ્ટિંગ કેન્દ્રો વધારવા માંગ વ્યક્ત કરવામાં આવી છે. વસાહત મહાસંઘ દ્વારા જણાવાયું છે કે જીલ્લામાં અત્યારે હાલ કોરોનાની મહામારી પુરજોશમાં પીક પર જોવા મળી રહી છે, શહેર વિસ્તારમાં અસંખ્ય નાગરિકો સામાન્ય શરદી, તાવ, ઉધરસ જેવા દર્દોથી પીડાઇ રહયાં છે અને હાલની કોરોના વાયરસના વધતા સંક્રમણના ભયથી આરોગ્ય કેન્દ્રમાં ટેસ્ટ કરાવવા માટે સવારે વહેલા બિમાર હોવા છતાં કડકડતી ઠંડીમાં લાબી લાઈનમાં ઉભા રહે છે ત્યારે ફક્ત ૨૦૦ વ્યક્તિઓનું રજીસ્ટ્રેશન કરી બાકીનાને સાંજના અથવા બીજા દિવસના ટોકન આપવામાં આવે છે અને તેમને પુનઃ ધક્કો ખાવો પડે છે. બિમાર નાગરિકો ટેસ્ટ કરાવવા લાઈનમાં ઉભા હોય અને કલાકો સુધી રાહ જોઈ ટોકન આપવામાં આવે અથવા બીજા દિવસે બોલાવવામાં આવે તે માનવતાની દષ્ટિએ કેટલું વ્યાજબી છે? આવો અનુભવ આરોગ્ય કેન્દ્ર સેકટર-૨ તરફથી થયો છે તેવી નાગરિકોની ફરીયાદો મૌખિક વસાહત મહાસંઘને મળેલી છે, આથી શહેરમાં સત્વરે કોરોના ટેસ્ટિંગ કેન્દ્રોની તાકીદે વ્યવસ્થા કરવામાં આવે તેવી શહેરના નાગરિકોની માગણી છે. અત્યારે હાલ કોરોનાની મહામારી દિનપ્રતિદિન વધતી હોવાથી સેકટરોમાં સાફસફાઈ કરવામાં આવે અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા સાથે સેકટરોમાં ઉકાળા વિતરણની વ્યવસ્થા કરવામાં આવે. ગત વર્ષની જેમ નાગરિકોના જીવ જોખમમાં મુકાય નહીં તેવી અગમચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવે તેવી વસાહત મહાસંઘ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# પક્ષી બચાવો અભિયાન - ૨૦૨૨ના સ્વયંસેવકોને સન્માનિત કરાયા

## કુલ ૩૩ સ્વયંસેવકોને તેમજ ઈજાગ્રસ્ત પક્ષીઓને સારવાર માટે લઇને આવનાર ૩ જાગૃત નાગરિકોને પણ સર્ટીફિકેટ આપી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સમગ્ર વર્ષ દરમ્યાન ૩૬૫ દિવસ પક્ષી બચાવની સેવા પુરી પાડતી સંસ્થા 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ' દ્વારા આ વખતે 'મા એનિમલ ફાઉન્ડેશન' તથા 'હેપ્પી યુથ ક્લબ' સાથે મળીને ઉત્તરાયણ દરમિયાન રેસ્ક્યુ અભિયાન છેડવામાં આવ્યું હતું. આ અભિયાનમાં જોડાયેલા કુલ ૩૩ સ્વયંસેવકોએ મળીને પતંગની દોરીથી ઈજાગ્રસ્ત ૮૦ જેટલા બર્ડ રેસ્ક્યુ કર્યા હતા. આજે તમામ ૩૩ સ્વયંસેવકો ઉપરાંત ૩ નાગરિકો જેઓ આ અભિયાનમાં સે.૨૨ ખાતે બનાવાયેલા કંટ્રોલરૂમ પર ઈજાગ્રસ્ત પક્ષીઓ સારવાર માટે લઈ આવ્યા હતા તેમને પણ આયોજકો દ્વારા તેમના સેવાકાર્ય બદલ પ્રમાણપત્ર આપીને બિરદાવવામાં આવ્યાં હતા.

ગાંધીનગર લીલાંછમ વૃક્ષો સાથે અસંખ્ય પ્રજાતિના



પક્ષીઓનો વસવાટ ધરાવતું એક પ્રકૃતિમય શહેર છે અને આ શહેરમાં ઉત્તરાયણનો તહેવાર ખૂબ જ ઉમંગ અને ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો પરંતુ શહેરના પતંગ રસિયાઓની પતંગબાજીને કારણે અનેક અબોલ પક્ષીઓ દોરીથી ઘાયલ થવા પામ્યાં હતા. શહેરમાં સમગ્ર વર્ષ દરમ્યાન સતત પશુપક્ષી બચાવવા કાર્યરત સંસ્થાઓએ સાથે મળીને હાથ ધરેલા ખાસ પક્ષી બચાવો અભિયાન - ૨૦૨૨માં ૩૩ સ્વયંસેવકોએ સતત સવારથી લઈને મોડી રાત સુધી પક્ષી બચાવ કાર્યની સેવાઓ આપી હતી. ઉત્તરાયણ અને વાસી ઉતરાયણ એમ બે દિવસ ઉપરાંત ત્રીજા દિવસે મળીને આ સ્વયંસેવકોએ કુલ ૭૭ બર્ડનું રેસ્ક્યુ કર્યું હતું. આ ઉપરાંત ત્રણ જાગૃત નાગરિકો દ્વારા પણ ઈજાગ્રસ્ત પક્ષીઓને અભિયાનના કંટ્રોલ રૂમ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ નાગરિકો સહિત તમામ સ્વયંસેવકોને તેમના જીવદયાના પ્રશંસનીય કાર્ય બદલ આજે સાંજે સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ત્રણેય સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા ઉત્તરાયણ પછી પણ પક્ષીઓનું નિયમિત રેસ્ક્યુ સેવા અગાઉની જેમ જ ચાલુ રાખવામાં આવશે તેવું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# જલારામ મહિલા મંડળ દ્વારા કચરીયું અને ચીકીનું વિતરણ



ગાંધીનગર, તા.૧૬

જલારામ મહિલા મંડળ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે સેકટર-૪, ૬, અને ૧૪ના શ્રમિકો અને બાળકોને કચરીયું તથા ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ મિત્તલ રાણા, મંત્રી ઉષાબેન જી. ઠકકર, ઉપપ્રમુખ જયોતિબેન ઠકકર તથા કારોબારી સભ્યો ભાનુબેન ઠકકર અને વિદ્યાબેન ઠકકર ઉપસ્થિત રહ્યા હતા.



ઉત્તરાયણના દિવસે પતંગ રસિયાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક પતંગ ચગાવ્યા હતા. ઉત્તરાયણ બાદ રવિવારની રજા હોવાથી શહેરના પતંગ રસિયાઓ દ્વારા પતંગ ચગાવવાની ભરપૂર મોજ માણવામાં આવી હતી. રજાનો દિવસ હોવાથી ધાબા ઉપર રહીને આખો દિવસ પસાર કરવામાં આવ્યો હતો.



ઉત્તરાયણ પર્વમાં ઠેર ઠેર પતંગ દોરીઓ જોવા મળી રહી છે. જેના કારણે વાહનચાલકો તથા પક્ષીઓને નુકસાન થઈ શકે છે. શહેરીજનો દ્વારા પતંગ દોરી ભેગી કરીને સળગાવવામાં આવી રહી છે. જેથી કોઈ જાનહાનિ ન થાય. વાવોલ ગામમાં મહાનગર લઘુમતી મોરચાના યુસફભાઈ શેખ અને મંગાજી ઠાકોર સમાજસેવક દ્વારા આજુબાજુના વિસ્તારમાંથી પતંગદોરી એકઠી કરીને દોરીના ગુચ્છાને સળગાવી દેવાયા હતા.

# ચિલોડામાં સ્વ. નવનીતભાઈ પટેલના સ્મરણાર્થે શ્રમજીવી ગરીબ પરિવારોને ધાબળાનું વિતરણ



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે સ્વ. નવનીતભાઈ હીરાભાઈ (ચિલોડા)ના ધર્મપત્ની સીતાબેન એન. પટેલ, સુપુત્ર કુશલકુમાર દ્વારા ચિલોડા અને ગાંધીનગર મુકામે સ્વ. નવનીતભાઈના સ્મરણાર્થે ગરીબ શ્રમજીવી પરિવારોને ઠંડીથી રક્ષણ મળે તેવા આશયથી બ્રાન્ડેડ ધાબળાનું વિતરણ ડોર ટુ ડોર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાંચ હજારનું દાન કર્યુ હતુ. આ ધાબળા વિતરણમાં સ્વ. નવનીતભાઈ પટેલના નાના ભાઈ એપીએમસીના ચેરમેન અને અગ્રણી એડવોકેટ અશોકભાઈ પટેલ, સુધાબેન એચ. પટેલ તથા નટુભાઈ પટેલ પત્રકાર સેવા યજ્ઞમાં સહયોગી બન્યા હતા.



એડવોકેટ બ્રહ્મ અગ્રણી અશ્વિન ત્રિવેદીના હસ્તે સાઈ હેન્ડીક્રાફટ કચ્છી કલેકશન નીતીનભાઈ જોષીની નવીન દુકાનનું સેકટર-૨૪ ખાતે ઉદઘાટન કરવામાં આવ્યું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધાબળા અને ખજૂરનું વિતરણ



ગાંધીનગર, તા.૧૬

સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધાબળા અને ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચાર સ્થળ પર ૯૫ લાભાર્થીને વિવિધ વસ્તુ આપવામાં આવી હતી. ૮ ગામના લાભાર્થીને ધાબળા, ખજૂરના પેકેટ, ચોખા, બિસ્કીટ, નાસ્તાનું પેકેટ, ચાનું પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. તેમના બાળકોને સોફટ રમકડાં પણ આપ્યા હતા. જયંતિભાઈ વાઘેલા, મિલિંદભાઈ, યોગેશભાઈ આ સેવાકાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.





સેકટર-૨૧ અને પેથાપુરમાં ઉત્તરાયણ પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડીજે મ્યુઝિક વગર પણ શહેરીજનોએ પરિવાર સાથે ઉમંગથી ઉત્તરાયણની ઉજવણી કરી હતી. એ...કાપ્યો... છે ના નારાથી આકાશ ગૂંજી ઉઠ્યુ હતુ. પતંગોની સાથે સેલ્ફી કલીક કરીને સોશિયલ મીડિયામાં પણ ઉત્તરાયણનો માહોલ જોવા મળી રહ્યો હતો.

# એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં કાઈટ મેકિંગ એક્ટિવિટી




ગાંધીનગર, તા.૧૬

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે આર્ટ અને ક્રાફટમાં પણ બાળકો વધુ ને વધુ રસ દાખવે અને નવું શીખે તે હેતુથી 'કાઈટ મેકિંગ એક્ટિવિટી' યોજવામાં આવી હતી. જેમાં બાળકોએ રંગબેરંગી પતંગ બનાવ્યા હતા. જેમાં નાના બાળકોએ કાર્ટૂનના પતંગ બનાવ્યા હતા અને ખૂબ જ રસ દાખવી અને અવનવી પતંગ બનાવતા શીખ્યા હતાં.



ઉત્તરાયણ પર્વમાં મજાની સાથે પક્ષીઓને સજા થતી હોય છે. ઘણા બધા પક્ષીઓ પતંગ દોરીથી ઘાયલ થતા હોય છે અને પક્ષીઓની સારવાર કરવા માટે જીવદયા પ્રેમીઓ દર વર્ષે ખડેપગે રહેતા હોય છે. ત્યારે સેકટર-૫-એ પંચમુખી હનુમાન મંદિર પાસે બાળકો રમતા હતા ત્યારે એક કબૂતર દોરીમાં ફસાઈ ગયું હતું. જેને બચાવીને જીવદયા પ્રેમી દ્વારા સુંદર કાર્ય કરવામાં આવ્યું હતું.




જીવમાં શિવની ઉક્તી સાર્થક કરતી આજની યુવાપેઢી. આજની યુવા પેઢી આયોજિત યુવા સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા બારેમાસ ઘાયલ પક્ષીઓની સારવાર કરતાં આજના યુવાનોને નવી દિશા ચિંધી સેકટર-૨૨ ખાતે પક્ષી બચાવો અભિયાનના કાર્યક્રમમાં જોતરાયા હતા અને ઘાયલ પક્ષીઓની સારવાર કરી જીવ બચાવ્યા હતા.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઠાકોર રાજેશ શંકરજી**, ઉ.વ. ૪૬, કોલવડા
- **સ્વ. વાઘેલા કેશરીસિંહ બબાજી**, ઉ.વ. ૬૧, લેકાવાડા
- **સ્વ. વાઘેલા કેશરબા મગનજી**, ઉ.વ. ૧૦૦, લેકાવાડા
- **સ્વ. ઠાકોર નંદુબેન દશરથજી**, ઉ.વ. ૪૦, મગોડી
- **સ્વ. રબારી બબુબેન વિરમભાઈ**, ઉ.વ. ૭૦, આદીવાડા
- **સ્વ. મેસરીયા મનહરભાઈ ગણપતભાઈ**, ઉ.વ. ૪૦, મહુન્દ્રા